ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૨૮/૧૮-૧૯/ ૨૭૬૮ તારીખ: - 3 JUL 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ
મુ.અનીડા, તા.ગઢડા,
જી.બોટાદ.
મો.૯૭૨૩૦ ૮૯૭૪૩.

**કેસ નં.: ૨૮/૧૮-૧૯**

**વિષય**: ફાસ્ટ મીટરના રીડીંગ જંપ મારેલ હોવા બાબતની રજુઆત.

**સંદર્ભ**: (૧) આપનો પત્ર તા.૨૩-૦૩-૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૮-૧૯/૨૦૧૦ તા.૦૪/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૧૮-૧૯/૨૫૮૭ તા.૧૩/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૨/૦૬/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ગઢડા.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ઢસા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૮/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત **વીજ** કંપની **લિમીટેડ**

◆ **રજુઆતની તારીખ:– ૨૨/૦૬/૨૦૧૮** ◆

હાજર રહયા :– **શ્રી રણછોડભાઈ વાઘાભાઈ (વાદીશ્રી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર**, વિભાગીય કચેરી, ગઢડા.
**(પશ્ચિમ ગુજરાત વીજ** કંપની લિમીટેડ વતી)

**શ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ**, મુ.અનીડા, તા.ગઢડા, જી.બોટાદ ની ફાસ્ટ મીટરના રીડીંગ જંપ મારેલ **હોવા બાબતની રજુઆત** કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ **રજીસ્ટરમાં ક્રમાંક : ૨૮ / ૧૮–૧૯** થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને **પત્ર નં.બીઝેડ/ફોરમ/** ૨૮/ ૧૮–૧૯/ ૨૦૧૦ તા.૦૪/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૨/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ વતી તેમના પુત્ર શ્રી રણછોડભાઈ વાઘાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, અરજદારશ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ, મું. અનીડા, તા.ગઢડા ઢસા પે. વિ. કચેરી હસ્તક ઘર વપરાશનુ સિંગલ ફેઝ વીજ જોડાણ ગ્રાહક નં ૩૭૯૧૪/૦૦૫૨૨/૩ થી ધરાવીએ છીએ.

૧.૨ અમો માલધારી હોવાથી દિવસભર બહાર રહેતા હોવાથી અમારો વીજ વપરાશ ૫૦ થી ૧૦૦ યુનીટ રહે છે અને વીજ બિલ સમયસર ભરપાઈ કરીએ છીએ.

૧.૩ અમારા વીજ જોડાણનાં મીટરમાં યુનીટ વધારે બતાવતું હોય અને ઢસા પે. વિ. કચેરીએ ફાસ્ટ મીટરની અરજી કરી મીટર બદલી કરવા માટે રજૂઆત કરેલ જેથી અમારું મીટર તા.૨૫.૧૧.૨૦૧૭ નાં રોજ બદલી કરવામાં આવેલ છે અને અમોને તા.૨૨.૦૧.૨૦૧૮ નાં રોજ રૂ.૩૪,૨૨૧.૦૩ નુ બિલ ૫૩૩૪ યુનીટનુ આપવામાં આવેલ છે.

૧.૪ અમારું આ બદલી કરવામાં આવેલ મીટર ગઢડા લેબોરેટરીમાં તા.૨૦.૧૨.૨૦૧૭ નાં રોજ ચેક કરવામાં આવેલ જે મીટર નો રીપોર્ટ ઓકે આવેલ છે.

P.G.V.C.L. Bhavnagar

..❷..

૧.૫ અમારું મીટર ઉતારી લીધેલ તેની લીગલ નોટીસ ઢસા કચેરી તરફથી તા.૧૪.૦૩.૨૦૧૮ નાં રોજ મળેલ છે અને બિલની રકમ રૂ.૩૮૮૬૬/- માર્ચ-૧૮ સુધીની ભરપાઈ કરવા જણાવેલ છે.

૧.૬ અમારા આ કેસનું કોઈ નિરાકરણ નાં આવે ત્યાં સુધી કોઈ આગળ ની કાર્યવાહી ન કરવાની અમારી દાદ ફરિયાદ છે.

☛ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,**

૨.૧ એ વાત ખરી છે કે અરજદારશ્રી ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈ, મું. અનીડા, તા.ગઢડા ઢસા પે. વિ. કચેરી હસ્તક ઘર વપરાશ નુ સિંગલ ફેજ વીજ જોડાણ ગ્રાહક નં ૩૭૯૧૪/૦૦૫૨૨/૩ થી ધરાવતા હતા.

૨.૨ તેમના વીજ સ્થાપન પર લાગેલ સીગલ ફેજ વીજ જોડાણનાં મીટરના રીડીંગ જંપ મારી ગયા હોવાની ગ્રાહકની ફરિયાદ અન્વયે ગ્રાહકનું વીજ મીટર તા.૨૫.૧૧.૨૦૧૭ નાં રોજ ઢસા પે. વિભાગીય કચેરી દ્વારા બદલી કરવામાં આવેલ.

૨.૩ ગ્રાહકના બદલી કરવામાં આવેલ મીટરની લેબ ચકાસણી ગઢડા મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૦.૧૨.૨૦૧૭નાં રોજ ગ્રાહકના પુત્ર શ્રી રણછોડભાઈ વાઘજીભાઈ ની હાજરીમાં કરવામાં આવેલ.

૨.૪ ગ્રાહકના બદલી કરાયેલ જુનાં મીટરનો મીટર એક્યુરસી ટેસ્ટ લેતા આ ટેસ્ટ ઓકે આવેલ જેની વિગત મીટર ટેસ્ટીંગ રીપોર્ટ નંબર.૧૯૮ તા.૨૦.૧૨.૨૦૧૭ નાં રોજ માં નોંધવામાં આવેલ છે આ રીપોર્ટમાં ગ્રાહકના પુત્ર શ્રી રણછોડભાઈ વાઘજીભાઈ તથા પીજીવીસીએલના અધિકારી/કર્મચારીઓ ની સહી થયેલ છે. જેથી ગ્રાહકની મીટરના રીડીંગ જંપ મારેલ હોવા બાબતની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૨.૫ ગ્રાહકને ઢસા પે. વિ. કચેરી દ્વારા જાવક નંબર ૨૭૫૪ થી વીજ બિલ પેટે ચડત ભરવાપાત્ર રકમ રૂ. ૩૮,૮૬૬/- ભરપાઈ કરવાની લીગલ નોટીસ આપવામાં આવેલ જે રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી.

૨.૬ ગ્રાહકનુ વીજ જોડાણ રૂ. ૩૮,૮૬૬/-ની વીજ બીલની રકમ ભરપાઈ ન કરવાથી તા.૨૨.૦૩.૨૦૧૮ નાં રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

☛ **ફોરમનું તારણ**:- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ભરવાડ વાઘાભાઈ શાર્દુલભાઈનાં નામનુ ગામઃ અનીડામાં ઘર વપરાશનું સીગલ ફેઝ વીજ જોડાણ ગ્રાહક નં.૩૭૯૧૪/૦૦૫૨૨/૩ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદારનું વીજ જોડાણનું મીટર તા.૨૫-૧૧-૧૭ ના રોજ પ્રતિવાદી ધ્વારા બદલવામાં આવેલ, મીટર ચેન્જ પ્રફોર્મામાં વાદીનાં વીજ સ્થાપનનો લોડ કુલ ૨૬૦ વોટ પ્રતિવાદી ધ્વારા બતાવવામાં આવેલ છે.

૩.૩ વાદીનાં બદલાવેલ મીટરનું લેબ પરીક્ષણ વાદીની હાજરીમાં પ્રતિવાદી ધ્વારા તા.૨૦-૧૨-૧૭ ના રોજ કરવામાં આવેલ જેમાં મીટરનાં રીડીગ ૧૬૦૯૪.૫ જોવા મળેલ, તેમજ મીટરનાં સીલની સ્થિતિ બરાબર હતી અને ટર્મીનલ બ્લોક બળેલ હતો.

૩.૪ મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં વાદીનાં વીજ મીટરમાં રીડીગ મુજબ પ્રતિવાદી ધ્વારા વાદીને ડીસે.જાન્યુ.૧૮ બીલ્ડ ઈન ફેબ્રુ.૧૮ નું ૫૩૩૩ વપરાશનાં યુનીટનું રૂા.૩૪૩૭૨-૦૦ ની રકમનું બીલ વાદીને આપવામાં આવેલ, જેની સામે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievances Redressal Forum

૩.૫ વાદીનું મીટર બદલ્યા પહેલાની વીજ વપરાશ પ્રતિવાદીએ રજુ કરેલ લેજર કોપી મુજબ નીચે પ્રમાણે છે.

| અનુ.નં. | માસ | વપરાશનાં યુનીટ | નોંધ |
|---|---|---|---|
| (૧) | એપ્રીલ-મે-૧૬ | ૭૭ | |
| (૨) | જુન-જુલાઈ-૧૬ | ૧૩૫ | |
| (૩) | ઓગષ્ટ-સપ્ટે-૧૬ | ૧૦૫ | |
| (૪) | ઓકટો-નવે.-૧૬ | ૫૦ | |
| (૫) | ડીસે.-જાન્યુ.-૧૭ | ૧૬ | |
| (૬) | ફેબ્રુ-માર્ચ-૧૭ | ૨૬ | |
| (૭) | એપ્રીલ-મે-૧૭ | ૯૯ | |
| (૮) | જુન-જુલાઈ-૧૭ | ૧૦૧ | |
| (૯) | ઓગષ્ટ-સપ્ટે-૧૭ | ૯૪૯ | |
| (૧૦) | ઓકટો.-નવે.૧૭ | ૩૮૦ | લોક સ્ટેટસ |
| (૧૧) | ડીસે.-જાન્યુ.૧૮ | ૫૩૩૩ | મીટર ચેન્જ |

**૩.૬** તારણ નં.૩.૫ માં બતાવેલ વીજ વપરાશ મુજબ પ્રતિવાદી નાં મીટર રીડરે વાદીનાં વીજ સ્થાપન પરનાં મીટરનાં ખરેખર રીડીગ લઈ અને વપરાશ મુજબનાં બીલ આપેલ છે. ડીસે.જાનયુ.૧૮ નાં બીલમાં વાદીની વીજ વપરાશ એકદમ વધારે એટલે કે ૫૩૩૩ જોવા મળેલ છે. તેમજ વાદીનું મીટર એનાલોક હોઈ પ્રતિવાદી તેનો એમઆરઆઈ લઈ શકેલ નથી તેવુ ફોરમને જણાવેલ છે.

૩.૭ એપ્રીલ-મે-૧૬ થી ઓગષ્ટ-સપ્ટે.૧૭ દરમ્યાન વાદીની વીજ વપરાશ જોતાં તેમજ વાદીનાં વીજ સ્થાપન પર જોડેલ લોડ ૨૬૦ વોટને ધ્યાનમાં રાખતાં ડીસે.જાન્યુ.-૧૮ માં વાદીને અપાયેલ ૫૩૩૩ યુનીટનું બીલ તાંત્રિક રીતે યોગ્ય જણાતુ નથી. આથી પ્રતિવાદીએ વાદીને એપ્રીલ-મે ૧૭ થી ઓગષ્ટ-સપ્ટે.૧૭ દરમ્યાનની વાદીની વીજ વપરાશની એવરેજ મુજબ બીલ આપવું જોઈએ.

૩.૮ એપ્રીલ-મે-૧૭ માં વાદીની વીજ વપરાશ ૯૯ યુનીટ, જુન-જુલાઈ-૧૭ માં ૧૦૧ યુનીટ,ઓગષ્ટ-સપ્ટે.-૧૭ માં ૯૪૯ યુનીટની એવરેજ વપરાશ ધ્વિમાસીક ૩૮૩ યુનીટ થાય છે.

૩.૯ તારણ નં.૩.૭ અને ૩.૮ મુજબ પ્રતિવાદીએ વાદીને આપેલ ૫૩૩૩ યુનીટનું બીલ રદ કરવુ તેમજ ૩૮૩ ની એવરેજનું બીલ ડીસે.જાન્યુ.૧૮ નાં માસ માટે આપવું અને વાદીનાં વીજ જોડાણને મીટર લગાવી પુનઃ ચાલુ કરવું.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

**તારીખ**:-૨૨/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.